# ચા વીશે ચાસણી જેવા ચાર બોલ

--મધુ રાય

*(**મધુ રાય** ઉંઝા જોડણીના ઉગ્ર વીરોધી છે છતાં; નીચે એમના પરીચયમાં અમે બેફામ વખાણ કરીએ એ શરતે આ લેખ પુરતા તેઓ સંમત થયા છે.--**હરનીશ જાની**)*

આપણે ફરવા નીકળ્યા હોઈએ અને રસ્તા પરથી ચાંદીનો રુપીયો મળે તેમ અમને આ માહીતી એક પુસ્તકાલયમાંથી અનાયાસ મળેલી : વીખ્યાત લીપ્ટન કંપનીના સ્થાપક સર ટોમસ લીપ્ટન ચા *રકાબીમાં ઢાળીને* પીતા. ('ફોરચ્યુન', ઑગસ્ટ ૧૯૩૩, પાનું ૩૫.) બંધુ હસમુખ ગાંધીએ થોડા સમય પહેલાં ચાની સંસ્તુતી કરતો એક લેખ લખેલો, તે પરથી અમને થયું કે લીપ્ટન સાહેબવાળી આ વાત વાચકોને કરવા જેવી છે. હવે મંછાફોઈ કે જમનમામા રકાબીમાં ચા ઢાળીને પીએ તો અમે મોઢું નહીં ચડાવીએ.

અમે નાના હતા ત્યારે અમારા ઘરે ચા પીવાનો રીવાજ નહોતો. પીતાશ્રી વલ્લભદાસ સુંદરજી ઠાકર પોલસનની ચીકોરી મીશ્રીત ફ્રેન્ચ કૉફીનું ટીન લાવતા, તે પીવાતી. તે સમયે સીલોન રેડીયો પરથી આવતો પોલસનનો 'ચંચલ બાલક' નામે કાર્યક્રમ અમને ગમતો. અમારે ઘરે રેડીયો નહોતો; અમે બાજુમાં રહેતા મકાનમાલીક લક્ષ્મીદાસકાકા અને જેવન્તીમાસીને ત્યાં રેડીયો પાસે ઉભા રહીને સાંભળતા. તે અને 'બીનાકા ગીતમાલા'. પણ તે બધી આડવાત છે. આ લેખ પણ અમે ચા વીશે 'માહીતીસભર' બનાવવાના છીએ.

ન્યુયૉર્કના અમારા મીત્ર સ્વ. ડૉ. બાબુભાઈ રાજવૈદ્યે અમને જણાવેલું કે ચાની શોધ બુદ્ધ ભગવાને કરેલી. તે સાચું હોય કે નહીં; પરંતુ સૌ સ્વીકારે છે કે ચા ભારતમાં શોધાયેલી.

યવન ગ્રંથો કહે છે કે આપણા મહાન મહાભારતની રચના ઈ.સ.૧૫૦-૨૦૦માં થઈ. તે જ સમયે રોમન સામ્રાજ્યમાં મરકી ફાટી નીકળેલી. તે જ અરસામાં કોરીયાથી રેશમના કીડાની આયાત ચીનમાં થઈ અને તે જ ગાળામાં ચક્રવર્તી અશોકના પ્રયત્ને ભારતમાંથી બૌદ્ધ ધર્મ ચીનમાં પ્રસર્યો હતો. સન ૩૦૦ની આસપાસ આજે જેને અમેરીકા કહેવાય છે તે ખંડોના મધ્ય ભાગમાં પ્રતાપી આઈઝેક જાતીની 'માયા' સંસ્કૃતીનું ઉત્થાન થયું. સન ૩૨૦માં ભારતમાં ચન્દ્રગુપ્તે ગુપ્ત સામ્રાજ્ય સ્થાપ્યું; મહારાજા અશોક કે ચન્દ્રગુપ્ત કે બીજા કોઈ ચક્રવર્તીઓ ચા પીતા કે નહીં તે ખબર નથી. ત્યારે 'ચા'ને શું કહેવાતું હશે તેની પણ અમને ભાળ મળતી નથી. કીન્તુ 'ચા' ચીની ભાષાનો શબ્દ છે.

ચીનમાં બૌદ્ધ ધર્મ આવ્યા પછી ચા આવતાં બીજી ત્રણ સદીઓ વીતી. ઈ.સ. ૪૫૧-૫૦૦ દરમીયાન ભારતમાં ચક્રવર્તી સ્કન્દગુપ્તનું રાજ ચાલતું હતું. ખગોળશાસ્ત્રી-ગણીતજ્ઞ પંડીત આર્યભટ્ટ સંખ્યાઓનાં મુળ અને વર્ગ વીશે ગ્રંથ લખવાનું વીચારતા હતા; અને ચીનની રાજધાની નાનકીંગ નગર હતું; ત્યારે ચીનમાં પ્રથમ વાર ભારતમાંથી ચા આવી.

ત્યાં ચીનાઓએ તેને નામ આપ્યું ‘ત્ચાય’. તે શબ્દ ઉચ્ચાર ભેદથી એક દીશામાં બન્યો ‘ત્યાય’ અને બીજી દીશામાં બન્યો ‘ચાય’. વળી ‘ત્યાય’ પરથી ગરબી લેતો લેતો તે શબ્દ યુરોપમાં બન્યો ‘ટ્યે’ અને ‘ટી’; અને આપણે બનાવ્યો ‘ચાય’ અને ‘ચા’. કાઠીયાવાડ-મુંબઈના ગુજરાતીઓ ‘ચા’ પીએ છે; અમદાવાદ-વડોદરામાં ‘ચ્હા’ પીવાય છે; આફ્રીકાના ગુજરાતીઓ વીવેક કરે છે, બાના, ‘ચાય’ પીસો?

સન ૬૨૨માં હજરત મહંમદસાહેબે હીજરત કરી. સન ૭૩૦માં ચીનમાં મુદ્રણકળાની શોધ થઈ અને તરત સન ૭૭૯માં ‘ત્યાય ત્ચીંગ’ નામે ચા વીશે એક માહીતી પુસ્તીકા છપાઈ.

સન ૫૫૨માં જાપાનમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો. પરંતુ ત્યાં ચા આવતાં બીજાં ૬૫૦ વર્ષ લાગ્યાં. સન ૧૧૭૫માં દીલ્હીમાં પઠાણ સલ્તનત આવી અને ૧૧૯૧માં મધ્ય અમેરીકામાં ‘માયા’ સંસ્કૃતીનું દ્વીતીય ચરણ શરુ થયું અને તે જ વર્ષે ચીનમાંથી ચા પ્રથમ વાર જાપાનમાં આવી. ઈ.સ.૧૩૫૦માં ચીનમાં લી હસીંગ તાઓ નામે નાટકકારનાં નાટકો ચાલતાં હતાં, ત્યારે જાપાનના ‘શોગન’એ ચા પીવા સામે પ્રતીબંધ કર્યો.

યુરોપમાં કૉફી સન ૧૫૧૭માં દાખલ થઈ હતી, ચા આવવાને હજી બાણું વરસની દેર હતી. સન ૧૬૦૦માં બ્રીટીશ ઈસ્ટ ઈન્ડીયા કંપની અને ડચ ઈસ્ટ ઈન્ડીયા કંપની એમ બે વેપારી સંસ્થાઓ સ્થપાઈ; ૧૬૦૯માં ભારતમાં મોગલ પાદશાહ અકબરનું રાજ ચાલતું હતું. તે સમયે ચીનમાંથી ડચ ઈસ્ટ ઈન્ડીયા કંપનીએ પ્રથમ વાર યુરોપમાં ચા દાખલ કરી.

અને ૧૬૩૬માં અમેરીકામાં વીખ્યાત હાર્વર્ડ કૉલેજ સ્થપાઈ તે સાથે સાથે ફ્રાંસના પાટનગર પેરીસમાં ચાની પ્રથમ ચુસ્કી લેવાઈ. ‘ચા’ને ‘ટી’ કહેવાનું શરુ થયું.

મલયદેશમાં રહેતા ચીનાઓની અમોય નામની બોલીને કારણે, તે લોકો ‘ત્યાય’ને બદલે ‘ત્યે’ બોલતા હતા. તેમની પાસેથી ડચ લોકો તેને ‘ટે’ ‘ટે’ કહેતા

થયા. તેમને સાંભળી અંગરેજો 'ટ્યે' 'ટ્યે' કરતા થયા અને આખરે 'ટી' ઉપર આવીને અટક્યા.

સન ૧૬૫૦માં અમેરીકામાં ડચ લોકો અને અંગરેજોએ પોતપોતાની અમેરીકન કોલોનીઓની સીમાઓ બાબત કરાર કર્યા અને અમેરીકન આદીવાસી ઈન્ડીયનોનો જથ્થાબંધ સંહાર શરુ કર્યો; ત્યારે ઈંગ્લૅન્ડમાં ઓલીવર ક્રોમવેલ વડા પ્રધાન હતા; અને તે વરસથી ઈંગ્લૅન્ડમાં 'ટી' પીવાની પ્રથાનો પ્રારંભ થયો. તે પછી ચાયનો ઈશ્ક આખી દુનીયાએ કર્યો.

અમેરીકામાં ચાનું ઐતીહાસીક મહત્ત્વ છે. સન ૧૭૭૩માં બોસ્ટન મુકામે અંગરેજી હકુમત સામે બગાવતનું પહેલું બ્યુગલ બોસ્ટન બંદરે બ્રીટનના જહાજમાં લાદેલી ચાની પેટીઓને દરીયામાં ફગાવીને વાગ્યું, જે ઘટનાને 'બોસ્ટન ટી પાર્ટી' એવું રોમાન્ટીક નામ અપાયું. અમેરીકામાં તે પછી કૉફી લોકપ્રીય બની, જે આજે છે.

પણ અકબર પાદશાહ ચા પીતા હતા કે ઉકાળો; ચામાં દુધ નાખવાનું કોણે શોધ્યું; લીપ્ટન/બ્રુક બોન્ડ કંપનીઓ ક્યારે સ્થપાઈ; વગેરે બાબતોનો ઉલ્લેખ અમે જે ગ્રંથોમાંથી આ રસીક માહીતી તારવીએ છીએ તેમાં નથી.

ભારતમાં આઝાદીની લડતના સમયમાં ગાંધીજીના કારણે ચા સામે વીરોધ શરુ થયેલો. અમે ચોથી ચોપડીમાં હતા ત્યારે સેવંતીલાલ નામે એક જૈન મીત્રે ગંભીર ચહેરે જણાવેલું કે અંગરેજોના સમયમાં આસામમાં ચાના બગીચાઓમાં કામદારો ઉપર અત્યાચાર થતો હતો. અંગરેજ માલીકો કોરડે કોરડે કામદારોને ફટકારતા અને તેમના લોહીની લાલાશ ચામાં આવતી હતી. ગાંધીજી કહેતા કે ચા કેફી પીણું છે. એ કારણે અમારા ઘરમાં ચા પીવાનો રીવાજ નહોતો.

અમે ઉ.વ.૧૮ના હતા ત્યારે શીવકુમાર જોશીની દુકાને પ્રથમ વાર ચા પીધેલી. પછી ૧૯ વર્ષના થયા ત્યારે ચન્દ્રકાન્ત બક્ષીએ કલકત્તાની એક મુસલમાની હોટેલ 'સાબીર'માં અન્ય વ્યંજનો ખવડાવ્યા પછી અમને ચા પીવડાવેલી. તે પછીથી અમે નીયમીત ચા પીતા થયેલા. પછી પચ્ચીસ વર્ષના થયા ત્યારે અમદાવાદમાં સ્વ. પ્રબોધ ચોકસીના ભરાવદાર હાથ નીચે 'નીરીક્ષક' સામયીકમાં ઉપતંત્રી હોવાના કારણે તેમના માર્ગદર્શન હેઠળ 'લીપ્ટન ગ્રીન લેબલ'ની મોહીની માણેલી. પછી ૨૬ વર્ષના થયા ત્યારે અમદાવાદના સાંગીતીક સજ્જન હીમ્મતલાલ કપાસી સાથે રોજ રાત્રે કાલુપુર

સ્ટેશને જઈને લશ્કરી ચા પીવાની લત લાગેલી. પછી એક્સવાયઝેડ વર્ષના હતા ત્યારે મુંબઈમાં ઘણે ઠેકાણે ચા પીને એક વાર બંધુ શ્રી હસમુખ ગાંધીની ઑફીસમાં તકરાર કરવા ગયેલા અને તેમણે ચાનો આગ્રહ કરેલો; પરંતુ અમે વીનય કરેલો કે ચાના સ્થાને એક પાન મંગાવી આપશો તો અમને વધુ રુચશે.

ચીન, જાપાનમાં ચાની પાંદડીઓ ગરમ પાણીમાં ઝમી રહે પછી એમાં જુઈ જેવાં ફુલો નાખીને પીવાનો મહીમા છે. બ્રીટનમાં ચા સાથે કાકડીની સેન્ડવીચ જમવાનો અમીરી શીરસ્તો છે. ચામાં લીંબુ નાખવાની પ્રથા યુરોપમાં છે. અમેરીકામાં ચા કાગળના કપમાં મળે છે. કલકત્તામાં ચા શકોરામાં મળે છે અને અમદાવાદમાં એક કપ અને ચાર રકાબીમાં મળે છે.

(લેખકના પુસ્તક, 'નીલે ગગન કે તલે' (૧૯૯૫)માંથી સાભાર..)

## મધુ રાય

### મળવા જેવો માણસ

### સર્જક-પરીચય



ન્યુ જર્સી અમેરીકામાં વસતા મધુરાય ઉત્તમ કોટીના સર્જક તરીકે સુપ્રતીષ્ઠીત છે. 'સંતુ રંગીલી', 'કુમારની અગાશી', 'ખેલંદો', 'કોઈ એક ફુલનું નામ દો તો..' જેવાં ધંધાકીય રીતે સફળ નાટકો; 'ચહેરા' જેવી નવલકથા અને 'બાંશી નામે એક છોકરી' જેવો વાર્તાસંગ્રહ એમણે (સત્તર વરસની ઉંમરે !) આપ્યાં છે. આ એટલું મને યાદ છે. બાકી તો ઘણું જ લખ્યું છે...

આ માણસમાં અદ્‌ભુત રમુજશક્તી છે. હસે ત્યારે ઓરડો આખો ભરાઈ જાય એટલું મોટું અટ્ટહાસ્ય કરે. જગતની કોઈપણ પ્રકારની દુખદ ઘટના એને રડાવે. મીત્રોને કોઈપણ સંજોગોમાં એ વફાદાર રહે. મીત્રોને એટલું વહાલ કરે છે કે ગુસ્સે ભરાય તો કોઈવાર ધોલધપાટ પણ કરી દે. ઘણી વખત કલાકો સુધી તમારી સામે બેસી રહે; પણ કશું બોલે જ નહીં ! મુડ હોય તો સામેથી ફોન કરી કલાકો અલપઝલપની વાતોમાં ગાળે. સાચે જ, ઉત્કૃષ્ટ સર્જકો ધુની હોવાના. જાત સાથે સતત ગુફ્તગુમાંથી જ કદાચ એમની સર્જકતા પ્રગટતી હશે. આ માણસ એવો છે કે, જેને જે કહેવાનું હોય તે, ગમે તેટલું કડવું હોય તો પણ; તે બેધડક મોઢામોઢ કહેવાનો જ...તેય પરીણામની પરવા કર્યા સિવાય ! તેમના આ સ્વભાવની તેમના મોઢે હું ઘણી વાર આકરી ટીકા કરું છું; પરંતુ મનમાં તો એમ જ વીચારું કે, કાશ ! મારો સ્વભાવ પણ એવો જ હોત તો હું કેટલો તો સુખી હોત!!

(લેખક મધુ રાયનો સંપર્ક : madhuthaker@yahoo.com)

--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર (ફોટો મુકેશ કાશીવાલા)

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક 'સન્ડે ઈ-મહેફીલ ' માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન **'બેસવા..જ'** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




હવે બંધ કરીશ? બે કલાકથી 'મેકઅપ'ની પાછળ પડી છે.
આ રમેશભાઈને ત્યાં ખાલી 'બેસવા જ' જવાનું છે...!

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૬૩ -- ઑગસ્ટ ૨૦, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ 'વીદેશ-સર્જનોત્સવ' ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..હરનીશ જાની સંપર્ક: email : harnish5@yahoo.com

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં **અક્ષરાંકન :** ઉત્તમ ગજ્જર :uttamgajjar@hotmail.com